## જન્મદિને વધામણી



રમણલાલ ડી બારોટ
મો. ૯૪૦૯૫ ૬૩૨૭૪



નિરંજન ભાસ્કરરાય ઓઝા
મહામંત્રી, ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદ
ફોન : ૨૩૨૨૫૭૬૫



અમૃતભાઈ બી પટેલ
મો. ૯૯૭૯૯ ૩૭૧૭૧



રાકેશભાઈ ભીખાભાઈ વાળંદ



દિવ્યાંશુ યોગેશકુમાર પારેખ



ચાર્મી ભદ્રેશભાઈ બારોટ

# રોટરી ક્લબ ઑફ કેપીટલના હોદ્દેદારોનો શપથવિધિ સમારોહ યોજવામાં આવ્યો







ગાંધીનગર, તા. ૪

ગાંધીનગરની રોટરી ક્લબ ઓફ કેપીટલના પ્રમુખ પદે જાણીતા અગ્રણી અરવિંદ રાણા તથા સેક્રેટરી પદે અધેરાજ ચૌધરીના પદગ્રહણ શપથવિધિ સમારોહ રવિવારે સાંજે કુડાસણ ખાતે કંસાર હૉટેલના બેન્કવેટ હોલમાં આયોજિત કરાયો હતો. આ સમારોહમાં પ્રમુખ તથા સેક્રેટરી ઉપરાંત બોર્ડ ઓફ ડિરેક્ટર્સનો પણ શપથવિધિ યોજાયો હતો. આ સમારંભમાં મુખ્ય મહેમાન પદે રાજયના માહિતી કમિશનર વી.એસ. ગઢવી, અતિથિવિશેષ પદે પૂર્વ રોટરી પ્રમુખ ડૉ. એસ.કે. નંદા ઉપસ્થિત રહ્યા હતા. આ સમારંભમાં પૂર્વ રોટરી ડિસ્ટ્રીકટ ગર્વનર ડૉ. જે.પી. વ્યાસ ઈન્સ્ટોલેશન ઓફિસર તથા આસીસ્ટન્ટ ડિસ્ટ્રીકટ ગર્વનર સમીર ત્રિવેદી ઈન્ડકશન ઓફિસરની ભૂમિકામાં ઉપસ્થિત રહ્યા હતા.

# લાયન્સ ક્લબ ઈન્ટરનેશનલ તરફથી ગાંધીનગર લાયોનેસ ક્લબ ૧૩ જેટલા ઍવોર્ડથી સન્માનિત





ગાંધીનગર, તા. ૪

લાયન્સ ક્લબ ઈન્ટરનેશનલ તરફથી ગાંધીનગર લાયોનેસ ક્લબને ૧૩ ઍવોર્ડથી સન્માનિત કરવામાં આવી છે.

સરદાર પટેલ સ્મારક ભવન, શાહીબાગ ખાતે લાયન્સ ક્લબ ઈન્ટરનેશનલ ડિસ્ટ્રીક્ટ ૩૨૩બી દ્વારા ઍવોર્ડ સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં વર્ષ ૨૦૧૫-૧૬માં ઉત્કૃષ્ટ કામગીરી બદલ લાયન્સ ક્લબ ઑફ ગાંધીનગરને આ ઍવોર્ડ પ્રાપ્ત થયા હતા. ખૂબ સારી સેવાકીય પ્રવૃત્તિઓ બદલ ક્લબનાં પ્રમુખ વૈશાલી જોષીને બેસ્ટ પ્રૅસીડેન્ટ, સૅક્રેટરી દક્ષા જાદવને બૅસ્ટ સૅક્રેટરી, લાયોનેસ ક્લબ, ગાંધીનગરને બેસ્ટ ક્લબ, એરિયા ચૅર પર્સન તરીકે પૂર્વ પ્રમુખ ઉષાબેન ગજ્જર, વુમન ઍમ્પાવરમૅન્ટ માટે પૂર્વ પ્રમુખ સેજલબેન શાહ ઉપરાંત સેવાકીય પ્રવૃત્તિઓમાં ક્લબને બ્લડ ડોનેશન, સાઈટ ફર્સ્ટ, લાયન્સ ક્વેસ્ટ, પરમેનેન્ટ પ્રૉજેક્ટ, ફેસ્ટીવલ, ઍજ્યુકેશન તથા વર્ક ફૉર ડિસેબલ વિભાગમાં ઍવોર્ડથી સન્માનિત કરવામાં આવી હતી.

## મનોરંજન

### સિટી પલ્સ

**સ્ક્રીન-૩**
ટારઝન (૩ડી, અંગ્રેજી)
૨.૪૫, ૭.૪૫
ટારઝન (૩ડી, હિન્દી)
૧૨.૩૦, ૫.૧૫, ૧૦.૧૫

**સ્ક્રીન-૪**
જુનૂનિયત
૧૦.૦૦, ૧.૦૦
દાવ થઈ ગયો યાર (ગુજરાતી)
૪.૦૦, ૧૦.૦૦
રમણ રાઘવ
૭.૦૦

**સ્ક્રીન-૫**
શોરગુલ
૧૨.૪૫, ૩.૪૫, ૧૦.૦૦
જુનૂનિયત
૬.૪૫

# આર સી પટેલ શાળા ખાતે વાલી સંમેલન યોજાયું



ગાંધીનગર, તા. ૫

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત અને ગાંધીનગર સ્થિત શ્રીમતી આર સી પટેલ સૅકન્ડરી અને હાયર સૅકન્ડરી શાળાના ધોરણ-૯થી ૧૨ના વિદ્યાર્થીઓ માટે સામાન્ય વાલી સંમેલન રવિવારે બપોરે યોજવામાં આવ્યું હતું.

ખીમજી વિશ્રામ હૉલ ખાતે આયોજિત આ સમારોહમાં કડી સર્વ વિશ્વવિદ્યાલયના ડીન અને આર સી પટેલ સ્કૂલના કો-ઓર્ડિનેટર ડૉ. વીણાબેન કે પટેલ અધ્યક્ષસ્થાને ઉપસ્થિત રહ્યાં હતાં. ૭૦૦ જેટલા વાલીઓ આ સંમેલનમાં ઉપસ્થિત રહ્યા હતા.

ડૉ. વીણાબેને સંસ્થાનો પરિચય તથા શાળાના વાર્ષિક આયોજનની માહિતી આપી હતી. આચાર્ય વિનોદભાઈ પટેલે પ્રસંગોચિત પ્રવચન આપ્યું હતું. સુપરવાઈઝર્સે આગંતુક વાલીઓને શાળાના સ્ટાફ વિશેની સંપૂર્ણ માહિતી આપી હતી. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે શાળા પરિવારે જહેમત ઊઠાવી હતી.

ઋચાબેન જાનીએ કાર્યક્રમનું સંચાલન કર્યું હતું. કાર્યક્રમ અંતર્ગત વાલીઓએ પોતાના પાલ્યો અને શાળાના વિકાસ માટે હકારાત્મક સૂચનો આપ્યાં હતાં.

### કડી સર્વ વિશ્વવિદ્યાલય સંચાલિત

# પત્રકારત્વ કોર્સનાં પરિણામો જાહેર થયાં

## પત્રકારત્વના કોર્સમાં પ્રવેશ માટે મેળવવા માટે છેલ્લી તક

ગાંધીનગર, તા. ૫

કડી સર્વ વિશ્વવિદ્યાલય સંચાલિત પત્રકારત્વના કોર્સનાં પરિણામો તાજેતરમાં જાહેર કરવામાં આવ્યાં હતાં, જેમાં પાંચ વિદ્યાર્થીઓને ડિસ્ટીંક્શન પ્રાપ્ત થયું હતું તેમજ પાંચ વિદ્યાર્થીઓને ફર્સ્ટ ક્લાસ અને ૭ વિદ્યાર્થીઓને સૅકન્ડ ક્લાસ પ્રાપ્ત થયો હતો.

અભ્યાસક્રમ સંયોજક મિતેષ મોદીએ આ અંગેની માહિતી આપતાં જણાવ્યું છે કે પરિણામો બાદ તુરત જ પત્રકારત્વના કોર્સ માટે નવાં વર્ષના ઍડમિશનનો પ્રારંભ કરવામાં આવ્યો છે અને આ કામગીરી ચાલુ સપ્તાહના અંત સુધી ચાલશે.

આગામી તા. ૧૦ જુલાઈ ને શનિવાર સુધી કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન પત્રકારત્વ અભ્યાસ માટેનાં પ્રવેશ ફોર્મ વિદ્યાર્થીઓ મેળવી શકશે અને જરૂરી ફી સાથે ભરીને પરત આપી પણ શકશે. એ પછી તા. ૧૨ જુલાઈથી અભ્યાસનો આરંભ થઈ રહ્યો હોઈ તા. ૧૦ જુલાઈ સુધીમાં પ્રવેશ ફોર્મ મેળવીને પરત ભરી જવા તેમણે જણાવ્યું છે.

વિશ્વવિદ્યાલયમાં પત્રકારત્વની તાલીમ પામેલા ૧૦૦ ટકા વિદ્યાર્થીઓને પ્લેસમેન્ટ મળ્યું છે. પત્રકારત્વના વિદ્યાર્થીઓ ન માત્ર અભ્યાસમાં પરંતુ યુથ ફૅસ્ટીવલ જેવા પ્રસંગોએ વિવિધ સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં પણ ભાગ લઈ ઈનામો મેળવી શક્યા છે એ આ વિભાગની સફળતા છે.

વિશ્વવિદ્યાલય દ્વારા ચાલતા પત્રકારત્વના કોર્સમાં પત્રકારત્વના પાયાના સિધ્ધાંતો, માસ કમ્યુનિકેશન, ટ્રાન્સલેશન, સર્જનાત્મક લેખન, ઍડીટીંગ, રિપોર્ટીંગ, મીડિયા લૉ, ઈલૅક્ટ્રોનિક મીડિયા માટે પ્રૉડક્શન અને રિપોર્ટીંગ તથા પબ્લિક રિલેશન જેવા અત્યંત જરૂરી વિષયોને આવરી લેવામાં આવ્યા છે. સંબંધિત વિષયોના નીવડેલા, અનુભવી અને સરકારી તથા બિનસરકારી ક્ષેત્રના નિષ્ણાતો દ્વારા આ વિષયોની તાલીમ વિદ્યાર્થીઓને આપવામાં આવે છે, જેનાથી વિદ્યાર્થીઓનો શૈક્ષણિક વિકાસ ઊડીને આંખે વળગે છે. આ ઉપરાંત વિદ્યાર્થીઓ માટે નિયમિત ફિલ્ડ વિઝીટનું આયોજન પણ કરવામાં આવે છે, જેના કારણે વિદ્યાર્થીઓને પ્રૅક્ટિકલ શિક્ષણ પણ મળી રહે છે. કોર્સનો સમયગાળો એક વર્ષનો છે અને કોઈપણ વિષયમાં ગ્રૅજ્યુએશન પૂર્ણ કર્યા પછી આ કોર્સમાં પ્રવેશ મેળવી શકાય છે. વર્ગોનો સમય સાંજે ૬.૦૦થી ૮.૦૦ દરમ્યાનનો રાખવામાં આવ્યો છે.

વિદ્યાર્થીઓની સંખ્યા મર્યાદિત લેવાની હોવાથી આજના સમયના મોસ્ટ હેપનીંગ ક્ષેત્રમાં પોતાની કારકિર્દી ઘડવા માગતા અને જેમને લખવાનો મહાવરો કે શોખ છે એવા સૌ અભ્યાસુઓએ આ કોર્સ કરવા જેવો છે. કોર્સ અંગેની વધુ માહિતી માટે વિશ્વવિદ્યાલય ખાતે મિતેષ મોદીનો (૮૪૦૧૮ ૬૩૨૨૯ / ૯૪૨૭૮ ૩૨૭૮૫) સંપર્ક કરવા વિદ્યાર્થીઓને જણાવાયું છે.

### સૅક્ટર-૫ ખાતે સ્થિત પ્રેરણા વિદ્યાલયમાં

# લોકશાહી ઢબે વિદ્યાર્થી પ્રતિનિધિઓની ચૂંટણી યોજાઈ



ગાંધીનગર, તા. ૪

સૅક્ટર-૫ ખાતે સ્થિત પ્રેરણા વિદ્યાલયમાં લોકશાહી ઢબે વિદ્યાર્થી પ્રતિનિધિઓની ચૂંટણી યોજવામાં આવી હતી.

શાળાના દરેક વિદ્યાર્થીઓ આ માટે મતદાન કર્યું હતું અને વર્ગ પ્રતિનિધિ ચૂંટી કાઢ્યા હતા. વર્ગ પ્રતિનિધિઓએ મતદાન કરી સામાન્ય મંત્રી તથા કન્યા પ્રતિનિધિની પસંદગી કરી હતી.

ચૂંટણી કમિશનર તરીકે અંજનાબેન ચાવડા તથા કામિનીબેન પરમારે ભૂમિકા ભજવી હતી. ચૂંટણી માટે ઉમેદવારી નોંધવાની, ઉમેદવારી પત્રો ભરવાની, ચકાસણી કરવાની તેમજ ઉમેદવારી પત્રો પાછા ખેંચવાની સંપૂર્ણ માહિતી આપવામાં આવી હતી. ચૂંટણી માટે વિદ્યાર્થીઓ ખૂબ જોરશોરથી પ્રચાર કર્યો હતો.

વર્ગપ્રતિનિધિ તરીકે ધોરણ-૮માં ભાવિકાબા કે વાઘેલા, ધોરણ-૯માં હેલી શાહ, વિશાલ રાવળ, ધોરણ-૧૦માં પ્રિયંકા દેસાઈ, કેયૂર સોલંકી, ધોરણ-૧૧ કૉમર્સમાં અંકિતા વાઘેલા, જયેન્દ્રસિંહ વાઘેલા, દોરણ-૧૧ આર્ટ્સમાં જયવર્ધન દૂધરેજીયા, કોમલ શ્રીમાળી, ધોરણ-૧૨ કૉમર્સમાં તિલક પંડ્યા, કિંજલ મુનિયા તથા ધોરણ-૧૨ આર્ટ્સમાં જય સેનમા, રોમા પટેલ ચૂંટાઈ આવ્યા હતા.

વર્ગ પ્રતિનિધિઓ દ્વારા સામાન્ય સૅક્રેટરી તરીકે જય શેનમા અને કન્યા પ્રતિનિધિ તરીકે અંકિતા વાઘેલાને ચૂંટી કાઢવામાં આવ્યા હતા.

ચૂંટાયેલા તમામ વિદ્યાર્થી પ્રતિનિધિઓને શપથ પણ લેવડાવવામાં આવ્યા હતા અને તેમના મંત્રી મંડળની રચના પણ કરવામાં આવી હતી. ચૂંટણીમાં ભાગ લેનારા, મતદાન કરનારા તથા વિજેતા બનનારા વિદ્યાર્થીઓને ટ્રસ્ટી પ્રદીપસિંહ બિહોલા તથા પ્રિન્સિપાલ મનીષભાઈ ખત્રી દ્વારા શાળા પરિવાર વતી અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

# ચિલોડા પ્રાથમિક શાળા ખાતે વિદ્યાર્થીઓની ચૂંટણી યોજાઈ



ગાંધીનગર, તા. ૫

ચિલોડા ગામની પ્રાથમિક શાળામાં વિદ્યાર્થી સમિતિ બનાવવા માટે બાળ સંસદની ચૂંટણી યોજવામાં આવી હતી. કુલ ૧૬૪ વિદ્યાર્થીઓએ મતદાન કરી વિદ્યાર્થી નેતાઓની પસંદગી કરી હતી. વિદ્યાર્થીઓ દ્વારા આ માટે સંપૂર્ણ ચૂંટણી પ્રક્રિયાનું અનુપાલન કરવામાં આવ્યું હતું.

મત ગણતરીના અંતે ૧૦૨ મતે સુહાની ઠાકોરને વિજયી જાહેર કરવામાં આવ્યાં હતાં. કૅબિનેટ મંત્રી મંડળમાં દિપાલીઠાકોરની મહામંત્રી પદે, હિતેષ ઠાકોર સ્વચ્છતા સમિતિ, હિના મીલા શિસ્ત સમિતિ, સંજના ઠાકોર મધ્યાહ્ન ભોજન અને આશિષ ઠાકોર રમતગમત સમિતિમાં, આરતી નાયી પાણી સમિતિ, આરતી ઠાકોર પ્રાર્થના સમિતિ, નંદની રાવળ પ્રવાસ સમિતિ, પ્રિયંકા ઠાકોર આરોગ્ય સમિતિ સહિત તેમના સહાયક મંત્રીઓની નિમણૂંક પણ કરવામાં આવી હતી. આ ચૂંટણી પ્રક્રિયામાં પોલીસ કર્મચારીઓ અને સેવકોની ભૂમિકા પ્રશંસનીય રહી હતી.

# પ્રભુ પૈસા, પ્રતિષ્ઠા અને પ્રેમ કરતાં શિસ્તનું સૌંદર્ય આપ





એક નાનકડો સાત-આઠ વર્ષનો છોકરો પપ્પાની આંગળી પકડીને ‘પબ્લિક ગાર્ડનના વૉક-વે’ ઉપર ચાલતાં-ચાલતાં ચૉકલેટ ખાતો હતો. ચૉકલેટ પૂરી થઈ જતાં ‘રેપર’ તેણે રસ્તા પર ફેંકી દીધું. આગળ ચાલતાં-ચાલતાં અચાનક પિતાના હાથમાંથી આંગળી છોડાવી બાળક પચાસેક મીટર પાછળ તેણે ફેંકેલું ચૉકલેટનું રેપર દોડતો જઈને ઉપાડી બાજુમાં રાખેલા કચરાના ડબ્બામાં વ્યવસ્થિત રીતે નાંખે છે.

સોશિયલ મીડિયા ઉપર વાયરલ થયેલો આ વિડીયો સ્વચ્છતાનો સંદેશ અસરકારક રીતે આપે છે. પરંતુ તેથી પણ વધુ જોરદાર રીતે જીવનમાં શિસ્તના તત્વને જાનદાર રીતે ઉજાગર કરે છે. જીવનમાં કરવા જેવાં અનેક મજાનાં અને સરસ કાર્યો છે પણ એમાં સાચું શિસ્તને ગમે એવું અને આનંદ થાય એવું ‘સત ચિત આનંદ’ કાર્ય કયું હોઈ શકે ? આવાં સાચા આનંદનાં કાર્યો શોધવા ન પડે, જો જીવન ‘શિસ્ત’ના સોને મઢેલું હોય. સંયમ પ્રત્યેક કાર્યફળનું મૂળ છે. શિસ્ત સંયમથી ઘડાય છે. સામાન્ય રીતે કોઈપણ પછડાટનું મૂળતઃ પરિણામ સંશોધિત કરવામાં આવે તો તેમાં શિસ્તનો અભાવ જ જણાશે. જ્યાં શિસ્ત નથી ત્યાં સફળતા સંભવી જ ન શકે. શિસ્તનું તો એવું છે કે જ્યાં સુધી તેનું મજબુત અમલીકરણ થતું નથી, જ્યાં સુધી તે વ્યવહારનો ભાગ બનતું નથી ત્યાં સુધી અઘરૂં-અઘરૂં લાગે. જ્યારે શિસ્ત જીવનમાં વણાઈ જાય તો એની સૌરભ આપોઆપ મીઠી અને મધુરી લાગે.

‘શીલવાન’ની જેમ ‘શિસ્તવાન’નું સ્વરૂપ ગૌરવપૂર્ણ હોય છે. શિસ્તવાનનું તેજ ગજબનું હોય છે. એક શિસ્ત જીવનમાં આવે તો એની પાછળ ઢગલાબંધ શિસ્ત આવતી થઈ જાય. જીવન વધુ ને વધુ બહેતર બનતું જાય. જેમ કે, એક શિસ્તવાન નિયમ એવો લેવાય કે, સૂર્યોદય પહેલાં સવારે વહેલો ઉઠીશ તો વહેલાં સુવાનું, સવારે વાચનનું, કુદરના ખોળે ચાલવાનું વગેરે વગેરે શિસ્તબદ્ધ નિયમો એની પાછળ ખુદ-બ-ખુદ ચાલ્યા આવે.

જીમ રોહન નામના એક વિદ્વાન ચિંતકે સરસ કહ્યું છે કે, લક્ષ્યાંકો અને તેને પરિપૂર્ણ કરવાના પ્રયાસો વચ્ચેનો મજબૂત સેતુ એટલે ‘શિસ્ત’.

દરેક કાર્યને તેની આગવી શિસ્ત હોય છે. કુદરતી બાબતોની પણ સીમારેખા શિસ્ત છે. માફકસરનો પવન આહ્લાદ આપે અને તોફાની પવન ખાનાખરાબી સર્જે. ‘શિસ્ત’ એ ‘સંયમ’ના દોરે ગુંથાયેલું આકર્ષક મહામૂલું ઘરેણું છે. જ્યાં અમર્યાદપણું આવે, જ્યાં અતિ ગતિ હોય, જ્યાં ધરી છૂટે ત્યાં ‘અશિસ્ત’નો જન્મ, ‘શિસ્ત’નો લોપ અને જ્યાં અશિસ્તનતો જન્મ ત્યાં નુકસાન, ખાનાખરાબી, પછડાટ, નિષ્ફળતા જ હોય.

‘શિસ્તવાન’ બનવાનું ‘સ્વીમીંગ’ કરવા જેવું છે. તરવાનું શીખવા જઈએ એટલે પહેલાં-પહેલાં બહુ અઘરું લાગે. નાકમાં, મોમાં બધે પાણી ભરાય. શરીરના સંતુલનની કોઈ સીમારેખા ન રહે. પણ એકવાર પાણીમાં કેટલા પગ હલાવવા અને કેવી રીતે હાથ ફેરવવા એ આવડી જાય પછી તરવાનું સહેલું લાગે. તેમાં પણ અતિ અગત્યની વાત શ્વાસ લેવાની અને છોડવાની છે. તરતી વેળા કેટલો, ક્યારે અને કેવો શ્વાસ લેવો એની રીધમ અને સંયમ સૌથી અગત્યનું પાસું છે.

પિતા, શિક્ષક, માતા, બૉસ અને નેતા આ પાંચ ભૂમિકામાં ‘શિસ્ત’ સૌથી અગત્યનું છે. જો આ પાંચ શિસ્તવાન હોય તો પ્રેરણાદાયી પુષ્પોનો મઘમઘાટ સમગ્ર સંસારમાં વ્યાપે જ વ્યાપે. બૉસ કચેરીમાં સમય પહેલાં આવે. નિર્ધારીત કાર્યો સમયસર ‘ડેડલાઈન’ સાથે પૂરા કરે તો તેના સાથીઓમાં પણ સમયપાલનની શિસ્ત આપોઆપ ખીલવાની જ છે. કામ સમયસર બલ્કે સમય પહેલાં પૂરૂં થશે.

એક વાતની પ્રતિતી દ્રઢપણે થવી જોઈએ કે, ‘શિસ્ત’ એ ભીતરથી વિકસાવવાની કલા છે. ભીતરથી પ્રગટેલી શિસ્તનું ઓજસ જીવનને ભર્યું-ભર્યું અને સંપૂર્ણ બનાવી દે છે, જે આપણને આપણી જાત અને જગત સાથે તન્મયતાથી જોડી આપે છે. ‘હે પ્રભુ ! મને તું પૈસા, પ્રતિષ્ઠા અને પ્રેમ આપે તેના કરતાં શિસ્ત આપજે, સત્ય આપજે.’ વિદ્વાન ચિંતક હેનરી થોરોના આ જાણીતા વિચારને શિસ્તની પરીભાષામાં થોડુંક ઢાળીએ તો એમ કહી શકાય કે, ‘હે ઈશ્વર ! મને તું પૈસા, પ્રતિષ્ઠા અને પ્રેમ આપે તેના કરતાં ‘શિસ્ત’નું સૌંદર્ય આપજે.’

**ધબકાર**

‘પુસ્તકની જેમ બીજી આવૃત્તિનો અવકાશ હોત તો, આ જીવનની બધી જ ભૂલો સુધારી લેત’

– જૉન ફ્લૅર



## વાચકોને આમંત્રણ

### ‘સંવેદના’ વિભાગમાં સ્વાનુભવો લખવા

લેખકો, વાચકોનું પ્રિય અને ગાંધીનગરનું પ્રથમ દૈનિક સમાચારપત્ર ‘ગાંધીનગર સમાચાર’ ખાસ લખવા માગતા વાચકો માટે સંવેદના વિભાગ શરૂ કરી ચૂક્યું છે અને આ માટે લખવા સૌને આમંત્રણ આપે છે. આ વિભાગ અંતર્ગત દર માસે અલગ-અલગ વિષયો આપવામાં આવે છે, જે માટે વાચકોએ લખાણ મોકલવાનું હોય છે. વિભાગ દર સોમવારે પ્રકાશિત કરવામાં આવે છે. કોઈપણ વાચક આ લખાણ મોકલી શકે છે, જે તેના નામ સાથે પ્રકાશિત કરાશે. હા, લખાણની લંબાઈ અને ઍડિટિંગનો અધિકાર અખબાર અબાધિત રાખે છે. વાચકોને વિનંતી છે કે શબ્દોની મર્યાદા ૧૫૦ સુધી રાખવામાં આવે.

જુલાઈ માસ માટેનો વિષય છે :

## ‘મારી સ્નેહાળ સખી’